**આંક : ૧૧૨**

# શ્રી મહેન્દ્રકુમાર પુંજાલાલ ચાવડા, ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ
# રેફરન્સ (આઈ.ટી.) નંબર : ૧૧/૨૦૧૨

**પ્રથમ પક્ષકાર** : માનદ મંત્રીશ્રી,
સંજીવની હોસ્પીટલ, (સંજીવની આરોગ્ય ટ્રસ્ટ ચલથાણ)
ચલથાણ, તા.પલસાણા, જી.સુરત.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર** : તેમાં કામ કરતાં શ્રમયોગીઓ,
મંત્રીશ્રી,
સુરત લેબર યુનિયન,
માન દરવાજા, રીંગ રોડ, સુરત.

**વિષય :–** **બીજા પક્ષકાર યુનિયનની આંક–૧૦૪ ની વચગાળાની અરજી ઉપરનો હુકમ**

**હાજર રહયા : –**
પ્રથમ પક્ષકાર તરફે વિધ્વાન એડવોકેટ શ્રી કે.સી.જોષી,
બીજા પક્ષકાર તરફે વિધ્વાન એડવોકેટ શ્રી કે.એસ.શુકલા અને યુનિયન પ્રતિનિધિ શ્રી દિપક પીપરોડીયા,

## આંક–૧૦૪ અન્વયે હુકમ

**(૧)** સદર રેફરન્સ ગુજરાત સરકાર, શ્રમ આયુકત, (ગુ.રા.) ગાંધીનગર ધ્વારા તેમના તા.૧૬/૩/૨૦૧૨ ના હુકમ ક્રમાંક : કેએચએએચએમસી/૩૯૪૪૬/૫/૨/આઈડીઆર/એજે/૧૬/૧૨ ધ્વારા હુકમની અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલ બાબતની ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરવામાં આવેલ છે.

**(૨)** સદર કામમાં બીજા પક્ષકાર સુરત લેબર યુનિયન તરફે આંક–૧૦૪ ની અરજી રજુ કરી દાદ માંગેલ છે કે, **(૧)** પ્રથમ પક્ષકાર સંસ્થા તા.૨/૧/૧૬ ના રોજના પત્રથી આ કેસના અમારા યુનિયનના સભ્યો શ્રી (૧) જનાર્દન વૃન્દા પાંડે (ગ્રાન્ટેડ વોચમેન) (૨) રઘુવંશપ્રસાદ ભોલાભકત ચોરસીયા (નોન ગ્રાન્ટેડ વોચમેન) કર્મચારીઓને ૫૮ વર્ષની ઉંમર પુરી થતી હોય તેવું જણાવી તા.૩૧/૧/૨૦૧૬ ના રોજ સદર કામદારોની નોકરી વય મર્યાદા થવાથી સમાપ્ત થતી હોવાનું તથા તેમને આપેલ કવાટર્સનો કબજો તથા નોકરીનો ચાર્જ સુપરત કરવાનો જે હુકમ ફરમાવેલ છે તે હુકમ ખોટો, અન્યાયી, ગેરકાયદેસર, ભેદભાવ ભર્યો, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો કિન્નાખોરી વાળો તથા આઈ.ડી.એકટની તથા મોર્ડલ સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓ વિરુધ્ધનો બીનઅમલી હોય તેવું જાહેર કરી પ્રથમ પક્ષકાર તથા તેમના હોદ્દેદારો તથા જવાબદાર માણસો અંતિમ એવોર્ડ જાહેર ન થાય ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન

અમો બીજા પક્ષના યુનિયનના સભ્યો (૧) જનાર્દન વૃન્દા પાંડે (ગ્રાન્ટેડ વોચમેન) (૨) રઘુવંશપ્રસાદ ભોલાભકત ચોરસીયા (નોન ગ્રાન્ટેડ વોચમેન) કર્મચારીઓને તેમની ૬૦ વર્ષની ઉમર ન થાય ત્યાં સુધી નોકરીનો અંત આણે નહી કે કામદારોને નોકરી પર ચઢતા અટકાવે નહી તથા અમો યુનિયનના સદર કામદારોની જગ્યાએ અન્ય કોઈની ભરતી કરે કરાવે નહી તથા અમો યુનિયનના સભ્યો કામદારોની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરે નહી તથા માસો માસ નિયમિત કામદારોના પગારની ચુકવણીમાં વિલંબ કરે નહી તેવો વચગાળાનો જાથુકનો દરમ્યાન મનાઈ હુકમ પ્રથમ પક્ષકારને ફરમાવશોજી. **(૨)** આ કેસના પ્રથમ પક્ષકાર તથા તેમના હોદ્દેદારો તથા જવાબદાર માણસો આ કેસમાં જણાવેલ તા.૨/૧/૨૦૧૬ ના પત્ર મુજબ પ્રથમ પક્ષના અંતિમ એવોર્ડ જાહેર ન થાય ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન અમો બીજા પક્ષના યુનિયનના સભ્યો કામદાર (૧) જનાર્દન વૃન્દા પાંડે (ગ્રાન્ટેડ વોચમેન) (૨) રઘુવંશપ્રસાદ ભોલાભકત ચોરસીયા (નોન ગ્રાન્ટેડ વોચમેન) કર્મચારીઓના નામના કામદારને પ્રથમ પક્ષના તરફથી આપવામાં આવેલ સ્ટાફ કવાટર્સનો તેમની ૬૦ વર્ષની ઉંમર ન થાય ત્યાં સુધી કબજો લે–લેવડાવે નહી કે કબજો ખાલી કરે કરાવે નહી અને કવાટર્સના રુમમાં કોઈ અંતરાય રુકાવટ કરે કરાવે નહી તેવો વચગાળાનો જાથુકનો દરમ્યાન મનાઈ હુકમ પ્રથમ પક્ષકારને ફરમાવશોજી. **(૩)** આ અરજીની બીજી એકંદર હકીકતમાં આપ નામદાર સાહેબને યોગ્ય લાગે તેવી વિશેષ દાદ અપાવવા માંગણી કરેલ છે. અને તેની સાથે બીજા પક્ષકાર યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી દીપકભાઈ પીપરોડીયા તથા સંબંધીત બંને કર્મચારીઓએ તેઓનું સોગંદનામુ રજુ કરેલ છે અને તેની સાથે તેઓએ લીસ્ટથી સંબંધીત બંને કર્મચારીઓએ પ્રથમ પક્ષકારે તા.૨/૧/૧૬ ના રોજ વય નિવૃત્તિના કારણોસર ફરજ મુકત કરવા બાબત જે પત્ર આપેલ તે રજુ કરેલ છે.

**(૩)** બીજા પક્ષકારની સદર આંક–૧૦૪ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકારના જવાબ અને સાંભળવા માટે રાખવામાં આવેલ.

**(૪)** બીજા પક્ષકાર યુનિયનની આંક–૧૦૪ ની અરજીની ટુંકમાં વિગતો જોઈએ તો, બીજા પક્ષકારનું યુનિયન રજીસ્ટર્ડ ટ્રેડ યુનિયન છે. બીજા પક્ષકારના યુનિયનના શ્રમયોગીઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં વર્ષોથી ખંતપૂર્વક, પ્રમાણિકપણે, ઈમાનદારીપૂર્વક કામ કરતા આવેલ છે અને હાલ પણ નોકરીની ફરજ બજાવી રહયા છે. શ્રમયોગીઓની નોકરી દરમ્યાનની તમામ કામગીરી નિષ્કલંક છે. સદર યુનિયનના શ્રમયોગીઓની સંસ્થામાં જુની નોકરી થયેલ છે. બીજા પક્ષકાર યુનિયને ઉપરોકત કેસમાં માંગણીઓ પ્રથમ પક્ષકાર સમક્ષ મુકેલી જે અંગેનો રેફરન્સ નામ.ન્યાયપંચ સમક્ષ હાલ પડતર છે. શ્રમયોગીઓની જનરલ ડીમાન્ડની માંગણી કરવામાં આવી છે. જે માંગણાના નિવેદનમાં સ્પષ્ટ જણાવેલ છે. આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓ (૧) જનાર્દન વૃન્દા પાંડે (ગ્રાન્ટેડ વોચમેન) (૨) રઘુવંશપ્રસાદ ભોલાભકત ચોરસીયા (નોન ગ્રાન્ટેડ વોચમેન) યુનિયનના સભ્યો છે. તેઓને પ્રથમ પક્ષકારે તા.૨/૧/૧૬ ના રોજનો પત્ર તા.૯/૧/૧૬ ના રોજ આપેલ. જે પત્રથી ૫૮ વર્ષે વય નિવૃત્તિ કરવા માટે તથા કવાટર્સનો

કબજો સુપરત કરવા તા.૩૧/૧/૧૬ થી અમલી બને તેવો હુકમ કરેલ છે તે હુકમ વિરુધ્ધ આ અરજી કરવામાં આવેલ છે. આ બંને શ્રમયોગીઓ ચોથા વર્ગના હોઈ તેઓને સંસ્થાના કહેવા મુજબ મોર્ડલ સ્ટેન્ડીગ ઓડર્સ લાગુ પડે છે અને આ સંસ્થા સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવે છે. સંસ્થાએ સરકાર પાસેથી આ બાબતની મંજુરી લેવાની હોય છે. પરંતુ તેમ છતાં સંસ્થાએ ગેરકાયદેસર રીતે પોતાનો કાયદો બનાવી શ્રમયોગીઓને હેરાન પરેશાન કરવા માટેના સંસ્થાના કહેવા મુજબ સ્ટેન્ડીગ ઓડર્સ લાગુ પડતો હોવા છતાં મોર્ડલ સ્ટેન્ડીગ ઓડર્સમાં ૬૦ વર્ષની વય નિવૃત્તિ હોવા છતાં ૫૮ વર્ષે સદર શ્રમયોગીઓની નિવૃત્તિ ગેરકાયદેસર રીતે કરવા માગે છે. તા.૨/૧/૨૦૧૬ ના સંસ્થાના પત્રમા જે આધાર લઈ તા.૩૧/૧/૧૬ ના રોજ ૫૮ વર્ષની ઉંમર પુરી થયેલાનું જણાવી નોકરીમાંથી છુટા કરવાનુ જણાવી તેના ટેકા રુપે કહેવાતુ યુનિયન સાથે થયેલ કહેવાતા એગ્રીમેન્ટ બાબતે પત્રમાં જણાવેલ જેથી કહેવાતા એગ્રીમેન્ટની નકલ વાંચ્યા બાદ આ બંને શ્રમયોગીઓને પહેલી વહેલી વખત જાણ થયેલ કે અન્ય કોઈ યુનિયન આ સંસ્થા વચ્ચે કહેવાતું સેટલમેન્ટ થયુ છે આ કહેવાતા સેટલમેન્ટની ચર્ચા માટે ઉપરોકત બંને જણાવેલા કામદારો સંસ્થાના સેક્રેટરી શ્રી જયેશભાઈ પટેલ તથા શ્રી વિરેનભાઈ પટેલને ઓફીસમાં રુબરુ મળવા માટે ગયેલા ત્યારે કહેવાતા સેટલમેન્ટની પુછપરછ કરતાં આ બંને શ્રમયોગીઓને કહેવાતુ સેટલમેન્ટમાં તેઓની સહી બતાવેલ અને ફોટો બતાવેલ પરંતુ તે કહેવાતું સેટલમેન્ટ બંને શ્રમયોગીઓને વાંચવા આપેલ નહી અને કહેવાતા સેટલમેન્ટની નકલની માંગણી આ બંને શ્રમયોગીઓએ કરવા છતાં તેની નકલ પણ તેઓને આપવામાં આવેલ નહી. આ બંને શ્રમયોગીઓના જણાવ્યા મુજબ તેમને કહેવાતી સેટલમેન્ટની સહી બતાવવામાં આવેલ જે સહીઓ આ બંને શ્રમયોગીઓએ કરી નથી અને કહેવાતા સેટલમેન્ટ માટે આ બંને શ્રમયોગીઓને સંમતિ આપેલ નથી આ બંને શ્રમયોગીઓની પ્રથમ પક્ષકાર સંસ્થાએ ખોટી રીતે બોગસ સહી કરી કહેવાતુ સેટલમેન્ટ ઉપજાવી કાઢેલ છે તથા આ બંને શ્રમયોગીઓ પાસે દર વર્ષ ચાર ફોટા લેવામાં આવતા હતા અને તે ફોટા સંસ્થા પાસે જમા હોવાથી કહેવાતા સેટલમેન્ટમાં ચોટાડી દીધેલ છે અને તેનો દુરપયોગ કહેવાતા સમાધાનના લખાણમાં સંસ્થાએ કર્યાનું આ બંને શ્રમયોગીઓને જાણમાં આવેલ જેથી આ અંગે સેક્રેટરીને કહેતા તેઓએ જણાવેલ કે, આવું ચાલ્યા કરે આ બંને શ્રમયોગીઓ કહેવાતા સેટલમેન્ટવાળા યુનિયનના સભ્યો થયેલ નથી કે આજ દિન સુધી કોઈ સભ્ય ફી ભરેલ નથી અને આ બંને શ્રમયોગીઓ ધ્વારા કહેવાતા સેટલમેન્ટ વાળા યુનિયનને તેમના વતી નોકરીના હકક બદલ કોઈ અધિકાર કે સત્તા આપેલનથી આ બંને શ્રમયોગી કહેવાતા સેટલમેન્ટવાળા યુનિયનની કોઈપણ મીટીગમાં ભાગ લીધેલ નથી જેથી આ બંને શ્રમયોગીઓને કહેવાતું સેટલમેન્ટ બંધનકર્તા નથી તથા આ કહેવાતું સેટલમેન્ટ કન્સીલીએશનની કાર્યવાહી દરમ્યાન થયેલ નથી. આ બંને શ્રમયોગીઓ પહેલેથી અને હાલ પણ સુરત લેબર યુનિયનના સભ્યો છે જેથી સુરત લેબર યુનિયને આવુ કોઈ એગ્રીમેન્ટ કરેલ નથી કારણ કે, નામ. અદાલત સમક્ષ કેસ પડતર છે તેથી અન્ય યુનિયને કરેલ આવુ કહેવાતુ એગ્રીમેન્ટ આ કર્મચારીઓને બંધનકર્તા

નથી  તથા ઉપરોકત બંને જણાવેલા શ્રમયોગીઓ કહેવાતા અન્ય યુનિયનના સભ્યો ન હતા તથા કહેવાતુ એગ્રીમેન્ટ સમાધાન અધિકારીશ્રી સમક્ષ રુબરુ તેમની મધ્યસ્થીમાં થયેલ નથી જેથી ૫૮ વર્ષ વય પહોંચતા કામદારને નિવૃત્ત કરવાનો હુકમ કાયદેસરનો નથી વળી આઈ.ડી.એકટની જોગવાઈઓ અન્વયે ઉપરોકત જણાવેલા બીજા પક્ષકાર યુનિયન અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે ડીમાન્ડ કેસ ઉપસ્થિત થયેલ છે અને યુનિયન તરફથી સંસ્થાને તા.૧૦/૩/૧૧ ના રોજ માંગણી મોકલાવવામાં આવેલી ત્યારે માંગણી નં. ૨૪ માં માંગણી કરવામાં આવેલ છે કે, "કામદાર / કર્મચારીઓને ૬૦ વર્ષ નિવૃત્ત કરવા બાબત સંસ્થામાં કામ કરતાં કામદારો/ કર્મચારીઓને આપની સંસ્થા ૫૮ વર્ષ નોકરીમાંથી ગેરકાયદેસર નિવૃત્ત કરે છે જે આપની સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી અને મનસ્વી હોય અને આપની સંસ્થાએ સ્ટેન્ડીંગ ઓડર્સ સરકારી ખાતામાં સર્ટીફાઈડ કરાવેલ ન હોય જેથી આપની સંસ્થાને મોર્ડલ સ્ટેન્ડીંગ ઓડર્સ લાગુ પડે છે જેથી આપની સંસ્થામાં કામ કરતા કામદાર/કર્મચારીઓને ૬૦ વર્ષે નિવૃત્ત કરવા" આ મુજબની માગણી કર્યા બાદ સમાધાન અધિકારી સમક્ષ આ માગણી બાબતે માગણાનું નિવેદન પણ રજુ કરવામાં આવેલ. પરંતુ શ્રમ આયુકતશ્રીની કચેરી તરફથી તા.૨૦/૩/૧૨ ના પત્રથી રેફરન્સ નકારવાના કારણમાં  એવું જણાવેલ  કે, "સદર માંગણી ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમ) અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ હોય જેથી રીફર કરવામાં આવેલ નથી." આમ શ્રમ આયુકતશ્રી તરફથી હુકમ કરી અનુસુચિ રવાના કરવામાં આવેલ છે જે તકરાર જાહેરનામામાં આ કારણોસર લેવામાં આવેલ નથી જે નામ.કોર્ટ આ હકીકત ધ્યાને લેવા વિનંતી છે. વળી ઉપસ્થિત કેસમાં નામ. કોર્ટમાં બીજા પક્ષકાર યુનિયન તરફથી આંક–૪૮ અને આંક–૭૦ થી મનાઈ અરજી આપવામાં આવેલ સદર અરજી ઉપર નામ.કોર્ટે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરેલ છે. આ મુજબનો હુકમ અમલમાં છે. છતાં  પ્રથમ પક્ષકાર સંસ્થાએ ૫૮ વર્ષે નિવૃત્તિ કરવા માટે નામ.કોર્ટમાં કોઈ અરજી કરેલ નથી. જેથી આ બંને શ્રમયોગીઓને પણ અસરકર્તા હોય અને આ પ્રકારનો મુદ્દો હાલ નામ.કોર્ટ તરફથી ન્યાયનિર્ણય કરવાનો પેન્ડીગ હોય જેથી પણ પ્રથમ પક્ષકારનો તા.૨/૧/૧૬  ના પત્રથી ૫૮ વર્ષે છુટા કરવાનો પત્ર આપી નોકરી સમાપ્ત કરવાનું તથા કવાટર્સનો કબજો લેવાનુ કહેવાતુ અન્ય યુનિયનને હાથમાં લઈ એક કાવતરુ રચેલ છે. જે રેકર્ડ પર જણાઈ આવે છે. વળી કલમ–૯(એ) અન્વયે નોકરીની શરતોમાં ફેરફાર કરતા અગાઉ કોઈ નોટીસ ઓફ ચેઈન્જ આપેલ નથી. સંસ્થા મનફાવે તે રીતે ગેરકાયદેસર રીતે ૫૮ વર્ષની વયે અમુક શ્રમયોગીઓને છુટા કરતી આવેલ છે. જેથી સંસ્થાના અમુક કામદારો ૫૮ વર્ષે નોકરીમાંથી છુટા કરેલ જેથી તેઓ નામ.શ્રમ અદાલતમાં રેફરન્સ કેસ દાખલ કરેલ અને એક કેસમાં નામ.શ્રમ અદાલતે ૫૮ વર્ષ બાદના ૬૦ વર્ષ સુધીના સમયનો ૨ વર્ષનો પુરેપુરો પગાર આપવાનો હુકમ કરેલ છે.  પ્રથમ પક્ષકાર તરફથી જે હોસ્પીટલ ચલાવવામાં આવે છે તેઓ તરફથી સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ મેળવી છઠ્ઠા પગાર પંચ અંગેની માંગણી શ્રમયોગીઓની હતી તે સંબંધે નામ. ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરવામાં આવેલી અને તે પીટીશનના અનુસંધાને નામ.સરકારશ્રી ગ્રાન્ટ

ફાળવે તો તેઓ સદરહુ લાભ આપવા તૈયાર છે તેવું જણાવતા નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી સ્પે.સી.એ. નં.૬૭૩૫/૧૩ મા છઠ્ઠા પગાર પંચના લાભો શ્રમયોગીઓને આપવાના હુકમ કરવામાં આવે છે. તેઓ કુલ ૪૩ શ્રમયોગીઓ હતા અને યુનિયનના સભ્ય શ્રમયોગીઓ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા છઠ્ઠા પગાર પંચ સંબંધે બીજા પક્ષકાર યુનિયનના સભ્યને લાભ આપવાની નિયત સમયમાં પૂર્ણ ન થતાં બીજા પક્ષકાર યુનિયન ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થા વિરુધ્ધ એમસીએ નં.૧૫૦૯/૧૪ (કન્ટેમ્પ્ટ) દાખલ કરવામાં આવેલી અને તેમાં કાર્યવાહી શરુ થતાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી એસસીએ નં.૬૮૩૫/૧૩ માં જે ઓર્ડર કરવામાં આવેલો તે ઓર્ડર રીવ્યુ કરવા માટે ડીલે કોન્ડોન અરજી સાથે કરવામાં આવેલો. તે ડીલે કોન્ડોન અરજી પ્રથમ પક્ષકાર સંસ્થાની નામ. અદાલત તરફથી નામંજુર કરવામા આવેલી અને તેથી રીવ્યુ અરજી રદ્દ થઈ ગયેલી. ત્યારબાદ પ્રથમ પક્ષકારે એલપીએ દાખલ કરેલ તેમા નામ.હાઈકોર્ટે સ્ટે આપેલ અને કન્ટેમ્પ્ટ અરજનો નિકાલ કરેલ છે અને હાલ એલપીએ અરજી નામ. ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીગ છે. આમ પ્રથમ પક્ષકારના સંબંધીત શ્રમયોગી વિરુધ્ધ કિન્નાખોરી રાખી બીજા પક્ષકારના શ્રમયોગીઓ વિરુધ્ધ ગેરકાયદેસર કાર્યવાહી કરી અનફેર લેબર પ્રેકટીશ અપનાવી નામ. અદાલતની પરવાનગી લીધા વિના સ્ટેન્ડીગ ઓર્ડરની જોગવાઈઓનો ભંગ કરી બીજા પક્ષકાર શ્રમયોગીઓની નોકરી ખોટી રીતે ૫૮ વર્ષે સમાપ્ત કરવા માંગે છે અને નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરવા માગે છે અને તેમ કરીને શ્રમયોગીઓની નોકરી સમાપ્ત કરી યુનિયનના સભ્યોનો કવાટર્સનો કબજો ગેરકાયદેસર રીતે છીનવી લેવા માંગે છે તથા સંબંધીત શ્રમયોગી સાથે વારંવાર તેઓની સાથે વૈમનસ્યભર્યુ વર્તન રાખી તેમની માનહાની થાય તેવા શબ્દો અને કૃત્યો કરે છે તથા બિભત્સ ભાષામાં અપમાનીત કરે છે. આ ઉપરાંત જયેશભાઈ ડાહયાભાઈ પટેલ, સુનિલભાઈ ઠાકોરભાઈ પટેલ વિગેરેએ એકત્રીત થઈ વારંવાર શ્રમયોગીઓ સાથે ખુબ જ બિભત્સ ભાષામાં અપમાનીત કરે છે અને તેઓની માનહાની કરી તેઓને એટલા હદ સુધી પરેશાન કરી મુકયા છે અને તેઓને આર્થિક નુકશાન પહોંચાડવાના કૃત્યો કરી રહયા છે. યુનિયનના સભ્યો હારી થાકી યુનિયન છોડી દે, નોકરી છોડી દે અને તેમની ગેરકાયદેસરની માંગણીઓને સરન્ડર થઈ જાય અને તેઓના દબાણને વશ થઈ યુનિયન પ્રવૃત્તિ બંધ કરી દઈ પોતાના કાયદેસરના હકકો માટે લડવાનું બંધ કરી દે તેવી પુરવી અને પ્રયાસો તથા ગુનાહીત કૃત્ય કરી રહયા છે. આમ વારંવાર બીજા પક્ષકારના સભ્યોને હેરાનગતિ કરી રહયા છે અને હેરાન પરેશાન કરી તેમનો નોકરીની શરત અનુસાર સોંપવામાં આવેલ કવાર્ટરનો કબજો છીનવી લેવાના તથા નોકરી છીનવી લેવાના પ્રયત્નો કરી તા.૨/૧/૧૬ નો હુકમ કરેલ છે તે ગેરકાયદેસર અને અન્યાયી છે. અરજીમા જે દાદ માંગવામાં આવી છે તે આખરી અને ફાઈનલ સ્વરુપની નથી અને માત્ર અને માત્ર આનુસાંગિક દાદ છે જે આપવા નામ. અદાલત કાયદાકીય અને જોગવાઈઓ અનુસાર કોમ્પીટન્ટ અને સક્ષમ છે. વધુમાં બીજા પક્ષકાર શ્રમયોગીઓ જણાવે છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૪) ની જે જોગવાઈઓ કરવામાં આવી છે તે જોગવાઈઓ ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ કામદારોને તેમનો

કાયદેસરના હકક હીતમાં માલિક ખોટી રીતે તરાપ ન મારે અને તેમના જીવન નિર્વાહના નોકરીના કાયદેસરના હકકોમાં તરાપ મારી તેમને રક્ષણ બક્ષવા માટે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૪) ની જોગવાઈ કરવામાં આવી છે. આ અરજીમા બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી જર્નાદન વૃન્દા પાંડે (ગ્રાન્ટેડ વોચમેન) અને રઘુવંશપ્રસાદ ભોલાભકત ચોરસીયા (નોનગ્રાન્ટેડ વોચમેન) કર્મચારીઓને તેમની નોકરીની શરતોના ભાગરુપે રહેવા માટે કવાર્ટર ફાળવવામાં આવ્યુ છે કારણ કે, બંને શ્રમયોગીઓ તેમની નોકરીની ફરજો સારી રીતે સક્ષમ કુશળતાપૂર્વક અને ત્વરીત બજાવી શકે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. આથી આ વ્યવસ્થા એ નોકરીનો ભાગ જ છે અને નોકરીની શરતોમાની એક શરત છે જેથી આ અરજીમાં જણાવેલી બાબતો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૪) હેઠળ સમાવિષ્ટ થતી બાબત છે અને અન્ય જયુડીશ્યલ પ્રોસીડીંગ્સમાં પ્રથમ પક્ષકાર તરફથી કબુલ કરવામાં આવેલ છે કે બીજા પક્ષકારે જે કોઈ હકકોનો અને કાયદેસર ઈલાજોનો આશરો લેવો હોય તો તે ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ લેવાનો જેથી આ અરજી સંબંધે કોઈપણ પ્રકારના તકરાર કરવાનું પ્રથમ પક્ષકારને કોઈ કાયદેસરનો હકક કે અધિકાર રહયો નથી અને શ્રમયોગીઓએ માગેલ દાદ બાબતે પ્રથમ પક્ષકારે નામ. ટ્રિબ્યુનલની કોઈ પરવાનગી લીધી નથી. વધુમાં શ્રમયોગીઓ જણાવેલ છે કે, સદર રેફરન્સ કેસમાં જે ડીમાન્ડ મુકી છે તેનાથી ખુબ નારાજ છે અને ઉપર કહયુ તેમ આ કેસ ચાલે તે દરમ્યાન શ્રમયોગીઓની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરવા તથા નોકરીનો અંત લાવવા બંને શ્રમયોગીઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨/૧/૧૬ ના રોજના પત્રથી બંને શ્રમયોગીઓની ૫૮ વર્ષની ઉંમર પુરી થતી હોય તેવું જણાવી તા.૩૧/૧/૧૬ ના રોજ સદર શ્રમયોગીઓની નોકરી વય મર્યાદા થવાથી સમાપ્ત થતી હોવાનું તથા આ બંને શ્રમયોગીઓને આપવામાં આવેલ કવાટર્સનો કબજો તથા નોકરીનો ચાર્જ સુપરત કરવાનો જે હુકમ ફરમાવેલ છે તે હુકમ ખોટો, અન્યાયી, ગેરકાયદેસર, ભેદભાવભર્યો, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો, કિન્નાખોરીવાળો તથા આઈ.ડી.એકટની તથા મોડલ સ્ટેન્ડીગ ઓર્ડર્સની જોગવાઈઓ તથા નામ. કોર્ટે અગાઉ ફરમાવેલ હુકમ વિરુધ્ધ હોય તેવું જાહેર કરી તેવો હુકમ બિનઅમલી ઠેરવી પ્રથમ પક્ષકાર તેવા હુકમનો અમલ કરે કરાવે નહી કે સંબંધીત બંને શ્રમયોગીઓની નોકરીનો અંત લાવે નહી તથા સંબંધીત બંને શ્રમયોગીઓને કવાટર્સ આપ્યા તે ગેરકાયદેસર રીતે છીનવી લેવા તથા ખાલી કરાવવાની તજવીજ ચાલુ કરી દીધેલ છે તથા નોકરી છીનવી લેવાનું તથા અંત લાવવાની કોશીષ કરી રહયા છે અને સંબંધીત બંને શ્રમયોગીઓની જગ્યાએ નવા શ્રમયોગીઓની ભરતી કરાવવા માગે છે અને આવી ધાક ધમકીઓ દર કલાકે આપતા રહે છે તેવું કરતાં અટકાવવાની માંગણી કરી છે. કેસની વિગતો જોતાં સંબંધીત શ્રમયોગીઓનો મનાઈ મેળવવા અંગેનો પ્રાઈમાફેસી કેસ છે અને પ્રથમ પક્ષકાર સંબંધીત શ્રમયોગીઓની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર ન કરે તથા નોકરીનો અંત લાવે નહી તથા પ્રથમ પક્ષકાર સંબંધીત બંને શ્રમયોગીઓને આપવામાં આવેલ કવાટર્સનો કબજો લે–લેવડાવે નહી. કબજો ખાલી કરે કરાવે નહી તથા સંબંધીત બંને શ્રમયોગીઓની જગ્યાએ

ચાલુ કેસ દરમ્યાન નોકરીમાંથી છુટા કરે કરાવે નહી કે અન્ય કોઈની ભરતી કરાવે નહી તેવો મનાઈ હુકમ ફરમાવવામ આવે તો પ્રથમ પક્ષકારને કોઈ નુકશાન થાય તેમ નથી અને જો તેવો મનાઈ આપવામાં ન આવે તો ચાલુ કેસ દરમ્યાન સંબંધીત બંને શ્રમયોગીએ નોકરી ગુમાવવી પડે તેમ છે તથા કવાટર્સ ગુમાવવું પડે તેમ છે. તથા અન્ય ગેરકાયદેસર કૃત્યો પ્રથમ પક્ષકાર કરવામાં સફળ જાય તો નાણાથી ભરપાઈ ન થાય તેવું શ્રમયોગીઓને નુકશાન થાય તેમ છે તથા આ કેસ કરવાનો કોઈ અર્થ રહે નહી અને આ કેસના એવોર્ડ આવવામાં લાંબો સમય જાય તેમ હોય જેથી નુકશાન જાય તેમ છે. તે સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ જો દરમ્યાન મનાઈ ફરમાવવામાં આવે તો પ્રથમ પક્ષકારની વિરુધ્ધ જાય તેમ છે. ઉપરોકત તમામ સંજોગોમા બીજા પક્ષકારે સંબંધીત શ્રમયોગીઓ માટે આંક–૧૦૪ ની વચગાળાની અરજીમા જણાવ્યા મુજબની દાદ માંગેલ છે.

**(પ)** પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૦૪ ની અરજીનો આંક–૧૦૮ થી તેઓનો લેખીત જવાબ રજુ કરેલ છે અને તેમાં બીજા પક્ષકારની વચગાળાની રાહતની મનાઈ અરજીમાં જણાવેલ તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને જે જણાવેલ છે તે ટુંકમાં જોઈએ તો, બીજા પક્ષકારની સદર મનાઈ અરજી કાયદા મુજબ ટકી શકતી નથી. અરજી કરવાનું કારણ ઉત્પન્ન થયેલ નથી. બીજા પક્ષકારની અરજી સાથે કહેવાતા યુનિયનનુ સર્ટીફિકેટ નથી તથા તેના સભ્યનું કોઈ લીસ્ટ રજુ કરવામાં આવ્યુ નથી કે સભ્યની જાહેરાત થયેલ નથી. મનાઈ અરજીને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. બીજા પક્ષકારની કલમ–૧૦(૪) મુજબ નામ. ટ્રિબ્યુનલ સમક્ષ કોઈ ઔદ્યોગિક તકરાર મોકલવાનો હુકમમાં અથવા પછીના કોઈ હુકમમાં સમુચિત સરકારે ન્યાયનિર્ણય માટે તકરાર મુદ્દા નિર્દેષ કરેલા હોય ત્યારે યથાપ્રસંગે ટ્રિબ્યુનલ તે મુદ્દા અને તેના આનુસાંગિક બાબતનો જ ન્યાયનિર્ણય કરવાનો રહેશે. બીજા પક્ષકારની એકંદર હકીકત જોતાં જે રજુઆત કરી છે તે ટર્મ્સ ઓફ રેફરન્સથી વિપરીત છે. તેથી કલમ–૧૦(૪) મુજબ અરજી ટકી શકતી નથી. બીજા પક્ષકાર શ્રમયોગીઓને સંસ્થાના મળવાપાત્ર લાભો મજુર કાયદા મુજબ આપે છે. તા.૨૯/૪/૧૫ ના રોજ સર્વોદય લેબર યુનિયન સાથે કરાર થયેલ છે જેનો શ્રમયોગીઓએ પણ એક પક્ષકાર અને સહી સંમતિ આપેલ છે. આ કરાર નામ. કોર્ટના રેકર્ડ ઉપર છે સબબ બંને શ્રમયોગીઓને તા.૩૧/૧/૧૬ ના રોજ નિવૃત્ત થતાં હોય તેમને મજુર કાયદા મુજબના હકકો અદા કરવામાં આવશે તેવું જણાવી નોકરીમાંથી નિવૃત્ત કરેલા છે. સબબ તેઓએ એગ્રીમેન્ટ તથા સેટલમેન્ટ અંગેની જે રજુઆત કરી છે તે ખોટી છે મનઘડત છે. શ્રમયોગીઓએ પોતાની સહી સંમતિ આપેલ છે ફોટા આપેલ છે અને અંગુઠા મારીને કબુલાત કરેલ છે એટલ ે જે આક્ષેપો કરવામાં આવેલ છે તે તમામ ખોટા કરવામાં આવેલા છે. કાયદાના પ્રોસેસનો લાભ લેવા માટે કરવામાં આવેલા આક્ષેપો છે. બંને શ્રમયોગીઓ સર્વોદય લેબર યુનિયનના સભ્ય હતા અને છે હાલ આ અરજી સાથે પોતે બીજા પક્ષકારના યુનિયનના સભ્ય હોવા બાબતનું કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે તેવી કોઈ સત્તા અધિકાર યુનિયનને આપેલ હોવા બાબતનું જાહેર કરેલ નથી સબબ

એ અંગે પોતે બંને શ્રમયોગીઓને જાણ માહીતી હોવા છતાં સોગંદ ઉપર ખોટુ બોલે છે. બંને શ્રમયોગીઓ મુળ કામમા પણ પક્ષકાર ન હતા. બીજા પક્ષકારે રજુ કરેલ તકરારમ પણ પક્ષકાર ન હતા સબબ સંબંધીત શ્રમયોગીઓ સોગંદ ઉપર ખોટું બોલે છે. બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી તરફથી આંક–૪૮ અને ૭૦ ની જે અરજીઓ કરવામાં આવેલ છે તેનો જવાબ સંસ્થાએ આપેલો છે અને તે હાલ સુનાવણી ઉપર છે અને મુલત્વી છે તેવા સંજોગોમાં જે રજુઆત થયેલ છે તે રજુઆત સંબંધી ખુલાસો કરવાનો હકક પ્રથમ પક્ષકાર સંસ્થા કાયમ રાખે છે. બીજા પક્ષકાર તરફથી અન્ય શ્રમયોગીઓની કે ૫૮ વર્ષે નિવૃત્ત થતાં શ્રમયોગી સંબંધી જે રજુઆત કરી છે તે આ કેસની સાથે તાલુકાત ધરાવતી નથી. હાલ મજકુર તકરારો નામ.હાઈકોર્ટમાં પેન્ડીગ છે. જે રજુઆતો છઠ્ઠા પગાર પંચના અનુસંધાનમાં ન્યાયનિર્ણય માટે મુલત્વી છે. સબબ તેનો ખલાસો કરવામાં આવતો નથી. વધુમાં સંસ્થા જણાવે છે કે, બહુમતી શ્રમયોગીઓ સાથે આઈ.ડી.એકટની કલમ–૨(પી) હેઠળ બીજા પક્ષકારે કરાર કરેલો છે અને તે મુજબ પણ શ્રમયોગીઓને ૫૮ વર્ષે નિવૃત્ત કરવાનું નકકી કરવામાં આવેલ છે આ કરાર આઈ.ડી.એકટની કલમ–૨(પી) હેઠળ મજુર કમિશનરશ્રી કચેરી હેઠળ નોંધવામાં આવેલ છે જેમાં શ્રમયોગીઓએ સ્વૈચ્છિકપણે કબુલ કરી જાહેર કરેલું છે કે તેઓની નિવૃત્તિ વય ૫૮ વર્ષની છે અને કરાર મુજબ તેમને નિવૃત્તી વયે છુટા કરવામાં આવશે તે શ્રમયોગીઓએ સ્વીકારેલ છે જે સ્વીકૃતિ આ બંને શ્રમયોગીઓની પણ છે. તે સંસ્થાના તમામ શ્રમયોગીઓને બંધનકર્તા છે. આમ કાયદાની મર્યાદામાં રહી નિવૃત્ત થતાં શ્રમયોગીઓએ નિર્ણય લીધેલો છે. શ્રમયોગીઓની નિવૃત્તિ અને ત્યારબાદ વહીવટી પરિસ્થિતિ અંગે સંસ્થાએ આયોજન કરવાનું હોય છે નામ.કોર્ટ જો સંસ્થા વિરુધ્ધ નિર્ણય કરે તો સંસ્થાને નુકશાન છે તથા સંસ્થામાં કામ કરતાં અન્ય શ્રમયોગીઓને પણ આર્થિક રીતે મોટુ નુકશાન થાય તેમ છે સીનીયોરીટી પ્રમાણે નુકશાન થાય તેમ છે. વહીવટી અવ્યવસ્થા થાય તેમ છે. સંસ્થાએ જે કવાટર્સ એલોટ કરેલા તે અને તેનો જરુરિયાતવાળા અગત્યતતાવાળા અન્ય શ્રમયોગીઓને ફાળવી શકતા નથી તેથી સંસ્થાને પણ મોટી વહીવટી પ્રતિકુળતા ઉત્પન્ન થશે અન્યથા ઉપરોકત બંને શ્રમયોગીઓને કોઈ નુકશાન થતુ નથી. નામ. કોર્ટનો પ્રોસેસનો લાભ લઈ જે અવ્યવસ્થા કરવામાં આવે છે તે ગેરકાયદેસર ગેરવ્યાજબી છે. કહેવાતા છુટા કરેલા શ્રમયોગી ખંડુભાઈ દામજીભાઈનો કેસ હાલ નામ. ગુજરાત હાઈકોર્ટમાં સબજયુડીશ છે. ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ છઠ્ઠા પગાર પંચ સક્રિય સભ્યોને કોઈ ખોટી કનડગત કરવામાં આવતી નથી. કોઈ ધાક ધમકી આપવામાં આવતી નથી. વધુમાં સંસ્થા જણાવે છે કે, એમસીએ નં.૧૫૦૯/૨૦૧૪ કે એમસીએ નં.૬૭૩૫/૨૦૧૩ સંબંધી જે રજુ થયેલ છે તે નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ પીટીશન સંબંધી છે અને મેટર સબજયુડીશ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ અનફેર લેબર પ્રેકટીશ કરી નથી. સ્ટેન્ડીગ ઓર્ડરની જોગવાઈઓનો ભંગ કરેલ નથી. સર્વોદય લેબર યુનિયન સાથે થયેલા કરાર તથા કાયદાની જોગવાઈ મુજબ ચોથા વર્ગના કર્મચારીઓ માટે નોકરીની શરતો અંગેની જોગવાઈ જોઈને ૫૮ વર્ષ નિવૃત્ત વય નકકી કરી નોકરીનોઅંત આપેલ

છે. સબબ શ્રમયોગીઓને મળવાપાત્ર તમામ કાયદેસરના હકકો નિવૃત્ત સમયે અદા કરવામાં આવે છે. નિવૃત્ત થતાં હોય શ્રમયોગીને આપેલ વાપરવા માટેની જગ્યા કવાટર્સ મેળવવા પ્રથમ પક્ષકાર સંસ્થાના કાયદેસરના હકકદાર છે. શ્રમયોગીઓ પ્રથમથી જ બીજા પક્ષકાર યુનિયનના સભ્ય ન હતા અને નથી. સબબ જે કંઈ રજુઆતો થયેલી છે તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે આધાર પુરાવાઓ વગરની છે. નિવૃત્ત થતા શ્રમયોગીઓને નિવૃત્ત સંબંધી ધોરણસરની જાણ કરવામાં આવી છે. નિવૃત્ત થતાં શ્રમયોગીઓએ નિવૃત્તી બાદ તેમના કબજામાં હોય તે તમામ ચીજ વસ્તુઓ સંસ્થાને પરત કરવાની હોય છે. સંસ્થાએ વાપરવા આપેલ કવાટર્સ ખાલી કરી સુપરત કરવાના છે સબબ નિવડ અને નિવડ કવાટર્સ ખાલી ન કરવું પડે તેવા હેતુથી અરજી કરી દાદ માંગવામાં આવી છે અને તેવી દાદ નામ. કોર્ટ આપી શકતી નથી. શ્રમયોગીઓની મૂળ દાદ જોતાં તથા રેફરન્સની હકીકત જોતાં નામ. કોર્ટને આનુસાંગિક દાદ આપવાની કાયદામાં જોગવાઈ નથી. કહેવાતુ યુનિયન સંબંધી મૂળ રેફરન્સના કામે પ્રથમ પક્ષકારે પોતાનો વાંધો હરકત અને તકરાર નોંધાવેલ છે. કેટલાક દસ્તાવેજો રજુ કરવા જણાવવામાં આવેલ છે. યુનિયનના દસ્તાવેજી સંબંધી તકરાર સંસ્થાએ પોતાના જવાબમાં રજુ કરેલ નથી. મજકુર દસ્તાવેજો નામ.કોર્ટમાં આજ દિન સુધી રજુ કરેલા નથી જે ઘણું સુચક છે. યુનિયનનું સર્ટીફિકેટ તથા હોદ્દેદારોની માહિતી આજ દિન સુધી આપવામાં આવેલ નથી. આ અરજીમાં કહેવાતા જનરલ સેક્રેટરીએ સહી કરેલ છે એકરાર તેમણે કરેલ છે સોગંદનામા સંબંધી કોઈ માહિતી રજુ કરેલ નથી. દિપક પીપરોડીયા આજ દિન સુધી યુનિયનમાં કઈ હેસીયતથી કામ કરે છે તેની કોઈ જાહેરાત આ કામમાં કરેલ નથી કે તેના કોઈ પુરાવાઓ આજ દિન સુધી કોર્ટમાં રજુ કરેલા નથી. દિપક પીપરોડીયાને આવી અરજી કરવાનો હકક કે અધિકાર નથી. આ અરજી પ્રથમથી જ ખોટી અને ગેરકાયદેસર છે. કહેવાતા શ્રમયોગીઓ યુનિયનના સભાસદ હોવા બાબતની કોઈ માહિતી કે પુરાવાઓ આ અરજી સાથે રજુ કરેલા નથી તેથી પણ આ અરજી ખર્ચ સાથે રદ્દ કરવાની જરુર છે. શ્રમયોગીઓ યુનિયનના સભાસદ હોવા બાબતનો કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. શ્રમયોગી યુનિયનનો સભાસદ હોવાનો કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. અરજી સાથે સોગંદનામુ રજુ કરેલ છે તે ખાસ ધ્યાને લેવા વિનંતી છે. અરજી ઉપર બીજા પક્ષકારની સહી છે તે કોણે કરી છે તે દર્શાવેલ નથી. અરજી સાથે શ્રમયોગીના નામ શ્રી જર્નાદન વૃન્દા પાંડે (ગ્રાન્ટેડ વોચમેન) અને શ્રી રઘુવંશપ્રસાદ ભોલાભકત ચોરસીયા ( નોન ગ્રાન્ટેડ વોચમેન) એ જે સોગંદનામુ કરેલ છે તેમાં સ્પષ્ટ જાહેર કરે છે યુનિયન પ્રતિનિધિ તરફથી કરવામાં આવેલ છે તે સાચી અને મારા જાણ્યા માન્ય પૂમાણે સાચી છે અને તે મે આ સોગંદનામામા જાહેર કરવા કરેલ છે એફીડેવીટ કઈ છે અને અરજીમાં માન્ય મુજબ રાહત આપવામાં આ એફીડેવીટ કરનાર યુનિયનના સભાસદ હોવાનું જાહેરાત કરેલ નથી સંસ્થામાં કઈ હેસીયતથી કામ કરતા હોય તે જાહેર કરેલ નથી એફીડેવીટ મોઘમ છે તેમાં કોઈ હકીકત જાહેર થતી નથી તેવા સંજોગોમાં જે દાદ માંગી છે તે તેઓને મળી શકતી નથી. યુનિયનના હોદ્દેદારો હોય જવાબદાર માણસો હોવાની રજુઆત કરવામાં આવી છે. આવી કોઈ રજુઆત ઓથોરીટી સમક્ષ કે નામ.કોર્ટ સમક્ષ થયેલ નથી. આવી કોઈ કબુલાત

આડકતરી રીતે કાયદાના પ્રકરણો કરી કોઈ દાદ મળી શકતી નથી. કાયદાના પ્રોસેસનો લાભ લઈ તરકટી રીતે રજુઆત કરેલ છે તેને કાયદાનું કે હકીકતનું સમર્થન મળતુ નથી. ઉપરોકત તમામ હકીકતે બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગીઓ તરફે કરવામાં આવેલ આંક–૧૦૪ ની વચગાળાના રાહતની મનાઈ અરજી ખર્ચ સહીત રદ્દ કરવા માંગણી કરી છે, અને તેની સાથે આંક–૧૦૯ થી સર્વોદય લેબર યુનિયન સાથે પ્રથમ પક્ષકારે તા.૨૯/૪/૧૫ ના રોજ જે સમાધાન કરેલુ તેની નકલ તથા સર્વોદય લેબર યુનિયનના ઉપપ્રમુખે તા.૨૧/૧/૧૬ ના રોજ કરવામાં આવેલ સોગંદનામુ રજુ કરેલ છે.

**(૬)** આ કામમાં બીજા પક્ષકાર યુનિયન તરફે દલીલો કરતા તેમના વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી કશ્યપ શુકલા જણાવે છે કે, સદર મુળ રેફરન્સ કર્મચારીઓનો પગાર વધારો, મોંઘવારી ભથ્થુ, રજા તેવી વિવિધ માંગણીઓ અંગેનો કરવામાં આવેલ છે. અને તે નામ. ન્યાયપંચ સમક્ષ ન્યાયનિર્ણય માટે પડતર છે અને તેમ છતાં બીજા પક્ષકાર યુનિયનના સભ્યો એવા જનાર્દન વૃંદા પાંડે અને રઘુવંશપ્રસાદ ભોલાભકત ચોરસીયાને તા.૨/૧/૧૬ ના રોજ નોટીસ આપી તેઓને તા.૩૧/૧/૧૬ ના રોજથી કચેરી સમય બાદ રીટાયર્ડ કરવામાં આવશે તેમ જણાવી તેઓનો કવાટર્સનો કબજો પણ તે જ દિવસે સોંપવાનું જણાવેલ છે. હવે જયારે સંબંધીત કર્મચારીઓનો અસરકર્તા રેફરન્સ કેસ પેન્ડીગ હોય ત્યારે નામદાર ન્યાયપંચની પૂર્વ પરવાનગી વિના હાલના બંને શ્રમયોગીઓને આ રીતે નોટીસ આપી નિવૃત્ત કરી શકાય નહી. તેમ છતાં નિવૃત્ત કરવાનુ નકકી કરેલ હોવાથી હાલની અરજી કાયદાની કલમ–૧૦(૪) મુજબ દાખલ કરવામાં આવેલ છે. સંસ્થાએ તેઓનો જે જવાબ રજુ કરેલ છે તે જવાબમાં અન્ય યુનિયન સાથે સમાધાન કર્યાનુ જણાવી અને તેમા નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષ કરેલાનું જણાવે છે પરંતુ સમાધાન જોતાં તે બોગસ છે તે શ્રમ આયુકતશ્રીની કચેરીએ રજુ કરવામાં આવેલ નથી. આ સમાધાનમાં ૧ થી ૮ પાનામાં ક્રમ નંબર લખેલ નથી અને ત્યારબાદ ક્રમ નં.૭ થી પક્ષકારોની સહી ફોટા સહીત અંગુઠાના નિશાન સહીત રજુ કરેલ છે. જે પાછળથી ઉભુ કરેલું હોય તેમ જણાઈ આવે છે. સર્વોદય લેબર યુનિયનના બંને કર્મચારીઓ સભ્ય નથી. અને સદર બંને કર્મચારીઓ સુરત લેબર યુનિયનના સભ્ય છે તેમ છતાં ખોટુ સમાધાન કરેલ છે આ સમાધાન જોતાં તે કાયદાની કલમ–૨(પી) મુજબ કરેલાનું જણાવે છે. પરંતુ આ સમાધાન જોતાં તે શ્રમ આયુકતશ્રીની કચેરી સમક્ષ કરવામાં આવેલ નથી અને આ સમાધાનમાં આઈ.ડી.એકટના રુલ્સ મુજબનુ સમાધાન નથી. આ સમાધાન આઈ.ડી.એકટના રુલ્સ ૬૨(૪) મુજબ શ્રમ આયુકતશ્રીની કચેરી, ડેપ્યુટી લેબર કમિશનર, આસિ.લેબર કમિશનર અને સમાધાન અધિકારીને ફોર્મ નં. ૧૬ મુજબ મોકલવાનું હોય છે જે મોકલેલ નથી અને તેથી આ સમાધાન યોગ્ય, વ્યાજબી અને કાયદેસર નથી. વધુમાં ઘી બોમ્બે ઈન્ડ. એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડીગ ઓર્ડર્સ રુલ્સના રુલ્સ ૨૭ જોતાં કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષની દર્શાવેલ છે. સંસ્થાને સ્ટેન્ડીગ ઓડર્સ એકટ લાગુ પડે છે અને તેથી સંબંધીત કર્મચારીઓ પણ ૬૦ વર્ષ સુધી નોકરી ઉપર રહેવાને હકકદાર થાય છે. તેમ છતાં કહેવાતું બોગસ સમાધાન ઉભુ કરી તેમા સંબંધીત કર્મચારીઓની સહીઓ નથી તેમ

છતાં સહીઓ થયાનું જણાવે છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે એવી રજુઆત છે કે, હાલના બંને સંબંધીત શ્રમયોગીઓ બીજા પક્ષકાર યુનિયન સુરત લેબર યુનિયનના સભ્ય નથી પરંતુ જે તે વખતે શ્રમ આયુકતશ્રીની કચેરીમાં સભ્ય સંખ્યા દર્શાવેલી છે તેમાં સભ્ય સંખ્યાની ચકાસણી સમાધાન અધિકારી સમક્ષ થયેલ છે તેથી આ મુદ્દાઓ અત્યારે ઉપાડી શકાય નહી. વધુમાં સમાધાન અધિકારીએ ખાત્રી થયા બાદ હાલનો રેફરન્સ ન્યાયનિર્ણય માટે સુપરત કરેલ છે. કહેવાતા બંને કર્મચારીઓ હાલમાં પણ તેઓના યુનિયનના સભ્ય છે. રજુ કરેલ સમાધાન અસલ નથી તે સંબંધીત કર્મચારીઓને બંધનકર્તા નથી. સદર કામમાં પ્રથમ પક્ષકારે તેઓના જવાબની સાથે જે સોગંદનામુ કરેલ છે તે સોગંદનામુ કરનાર સંસ્થાના શ્રી જયવંત પી.સોલંકી કે જેઓની ઉંમર ૬૪ વર્ષની છે. ધંધો નોકરી દર્શાવેલ છે અને તેથી પ્રથમ પક્ષકાર સંસ્થાની વય નિવૃત્તિ મર્યાદા ૫૮ ની નથી તે સ્પષ્ટ થાય છે. હાલના કર્મચારી સામે ભેદભાવ રાખેલ છે હેરાન કરવા ટાર્ગેટ બનાવી નોકરીમાંથી છુટા કરવા માંગે છે. સુરત લેબર યુનિયનના શ્રી દિપકભાઈ પીપરોડીયા જનરલ સેક્રેટરી છે તેઓએ જે તે વખતે શ્રમ આયુકતશ્રીની કચેરીમાં ડીમાન્ડ ઉપસ્થિત કરેલ છે અને ત્યાં હાજર રહી કર્મચારીઓના નામ પણ વેરીફાઈ કરેલ છે અને જે તે વખતે આ બાબત પ્રથમ પક્ષકારે ઉપસ્થિત કરેલ નથી. સંબંધીત કર્મચારી વર્ગ–૪ ના કર્મચારીઓ છે. ગરીબ અને આર્થિક રીતે કચડાયેલા હોય જો તેઓને છુટા કરી દેવામાં આવે તો અને કવાટર્સનો કબજો મેળવી લેવામાં આવે તો તેઓ તેમના કુટુંબ સાથે રોડ ઉપર આવી જાય તેવી શકયતા રહેલી છે અને તેથી બીજા પક્ષકારનો પ્રાયમાફેસી છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ તેઓની તરફેણમાં છે અને તેથી વચગાળાની અરજી મંજુર કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે અને તેની સાથે કેટલાક ચુકાદાઓ રજુ કરેલા છે.

**(૭)** પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે દલીલો કરતા તેઓના વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી કે.પી.જોષી જણાવે છે કે, બીજા પક્ષકારનો જે ટર્મ્સ ઓફ રેફરન્સ નામ.ન્યાયપંચ સમક્ષ પડતર છે તેમાં તેઓની માંગણી પગાર વધારો, મોંઘવારી, રજાઓ વિગેરે બાબતોનો છે પરંતુ નિવૃત્તિ વય મર્યાદા બાબતનો નથી. જયારે હાલની અરજી બીજા પક્ષકારે કાયદાની કલમ–૧૦(૪) અનુસાર કરેલ છે અને તેથી જયારે મૂળ પેન્ડીગ રેફરન્સની વિવાદીત બાબતો જોતાં આંક–૧૦૪ ની અરજી તેની આનુસાંગિક બાબતો નથી તે સ્પષ્ટ જણાઈ આવે છે. વળી સદર રેફરન્સ પડતર હતો તે દરમયાન શ્રમ આયુકતશ્રીની કચેરીમાં પણ પ્રથમ પક્ષકાર સંસ્થાએ સુરત લેબર યુનિયનના કયા સભ્યો છે તેની માંગણી કરેલ હતી તેમ છતાં તેઓએ તેના સભ્યો જાહેર કરેલ નથી. હાલના સંબંધીત બંને કર્મચારીઓ સર્વોદય લેબર યુનિયનના સભ્યો છે. પ્રથમ પક્ષકારે સર્વોદય લેબર યુનિયન સાથે કાયદાની કલમ–૨(પી) મુજબ તા.૨૯/૪/૧૫ ના રોજ સમાધાન કરેલ છે અને આ સમાધાનની અંદર ક્રમ નં.૯ માં નિવૃત્તિ વય મર્યાદા ૫૯ વર્ષની નકકી કરવામાં આવેલ છે. આ સમાધાનના દરેક પાને નોટરીના સહી સિકકાઓ છે આ સમાધાનના પાન નં. ૯ ઉપર જર્નાદન પાંડેનો ફોટો તથા તેની સહી છે તથા પાન નં.૧૨ ઉપર રઘુવંશપ્રસાદ ચોરસીયાનો ફોટો તથા સહી છે.

સમાધાનનો લાભ તેઓએ સ્વીકારી લીધેલ છે. અને તેથી ૫૮ વર્ષે સંબંધીત બંને કર્મચારીઓને છુટા કરવા માટે નોટીસ આપેલ છે જે યોગ્ય, વ્યાજબી અને કાયદેસર છે. સંબંધીત બંને કર્મચારીઓ સર્વોદય લેબર યુનિયનના સભ્ય છે. અને સર્વોદય લેબર યનિયન સાથે પ્રથમ પક્ષકાર સંસ્થાએ સમાધાન કરેલ છે. સર્વોદય લેબર યુનિયનના ઉપપ્રમખ શ્રી સોમાભાઈ રાવલે આ અંગે સોગંદનામુ રજુ કરેલ છે. આ સોગંદનામામાં કરવામાં આવેલ સમાધાન શ્રમ અધિકારી સમક્ષ રજુ પણ કરેલ છે અને તેથી બીજા પક્ષકારને માંગ્યા મુજબની દાદ મળી શકે નહી. આ સમાધાનમાં સર્વોદય લેબર યુનિયન તથા તેના સભ્યોએ નોટરી સમક્ષ સહી સિકકા કરેલ છે. અને તેમાં હાલના બંને કર્મચારીઓના સહી સિકકા છે તેથી આ સમાધાન બંને કર્મચારીઓને લાગુ પડે તેમ છતાં હાલના સંબંધીત બંને કર્મચારીઓએ સર્વોદય લેબર યુનિયનની જગ્યાએ હાલના યુનિયન પાસે આવીને હાલની વચગાળાની અરજી કરાવેલ હોય તેમ લાગે છે. બંને કર્મચારીઓ સુરત લેબર યુનિયનના સભ્યો છે તેવો દર્શાવતો કોઈ પુરાવો પણ સુરત લેબર યુનિયને રજુ કરેલ નથી. જયારે સર્વોદય લેબર યુનિયને યુનિયનના ઉપપ્રમુખશ્રીએ સોગંદનામા ઉપર જાહેર કરેલ છે કે, બંને કર્મચારીઓ તેઓના યુનિયનના સભ્યો છે અને તેથી બીજા પક્ષકાર યુનિયને સર્વોદય લેબર યુનિયનને સદર કામમાં પક્ષકાર તરીકે જોડેલા નથી તેથી મીસ જોઈન્ડર ઓફ પાર્ટી અને નોન જોઈન્ડર ઓફ નેસેસરીઝ પાર્ટીનો બાધ નડે છે અને તેથી જયારે સમાધાન કર્યુ હોય અને સમાધાનના લાભો મેળવેલ હોય ત્યારે આવી અરજી ચાલી શકે નહી અને તેથી બીજા પક્ષકારનો પ્રાયમાફેસી કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સમાં પણ બીજા પક્ષકાર તરફે નહી પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે છે કારણ કે, તેઓ નિવૃત્ત થતાં હોય કવાટર્સ ખાલી થાય તો અન્ય કર્મચારીને તે કવાટર્સ સીનીયોરીટી મુજબ આપી શકાય. વળી જો તેઓ સદર કેસ ગુણદોષ ઉપર ચલાવીને પુરવાર કરે તો તેઓને પડેલા દિવસોનો પગાર મળવાનો જ છે અને તેથી આ તબકકે કોઈ નાણાંકીય નુકશાન થતુ નથી, નાણાકીય વળતર મળી શકે તેમ છે અને તેથી આ સંજોગોમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપી શકાય નહી અને તેથી વચગાળાની અરજી રદ્દ કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૮) પ્રથમ પક્ષકાર સંસ્થાના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીના દલીલોના પ્રત્યુત્તરમાં બીજા પક્ષકાર યુનિયન તરફે તેઓના વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી કશ્યપભાઈ શુકલા જણાવે છે કે, જે તે વખતે ચાર્ટર્ડ ઓફ ડીમાન્ડ ઉપસ્થિત કરી તે વખતે યુનિયનના સભ્યોની ચકાસણી કન્સીલીએશન ઓફીસમાં કન્સીલીએશન અધિકારીએ કરેલ હોય છે અને ત્યારબાદ રેફરન્સ કરવામાં આવે છે અને તેથી હાલના કર્મચારીઓ સુરત લેબર યુનિયનના સભ્યો છે કે કેમ ? તે જોવાનું નથી. હકીકતે તો સર્વોદય લેબર યુનિયને સંબંધીત બંને કર્મચારીઓ તેમના યુનિયના સભ્યો છે તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બંને કર્મચારીઓ સુરત લેબર યુનિયનના કર્મચારીઓ નથી તેવું ચેલેન્જ કરેલ નથી, હકીકતે કરવામાં આવેલ સમાધાન યોગ્ય, વ્યાજબી અને ન્યાયી નથી તે કાયદાની કલમ–૨(પી) મુજબનું નથી. નોટરી સમક્ષ કરેલ હોય તેથી તે કાયદેસર થઈ જતુ નથી. સમાધાનમા અને દલીલોમાં લાભ આપ્યાનું

કહયુ છે પરંતુ તેવો કોઈ લાભ કર્મચારીને આપેલ નથી. નામ. હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ જો ૯૯ ટકા લાભ આપેલ હોય તો પણ સમાધાન અયોગ્ય અને ગેરવ્યાજબી હોય તો પણ તે ગેરકાયદેસર ઠરે. પ્રથમ પક્ષકાર તરફે દલીલોમાં સંબંધીત કર્મચારીઓ કરારથી માહીતગાર હતા તેમ કહયુ છે પરંતુ તે કરાર પ્રથમ પક્ષકારે તેમના જવાબની સાથે રજુ કરેલ છે તેથી તે દૃષ્ટિથી સંબંધીત કર્મચારીઓ વાકેફ ન હતા તે હકીકત છે. હકીકતે સંબંધીત કર્મચારીઓને મોડલ સ્ટેન્ડીગ ઓડર્સની જોગવાઈ મુજબ ૬૦ વર્ષ સુધી નોકરી કરવાને હકકદાર હોવાથી હાલની અરજી મંજુર કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

**(૯)** આ કામમાં પક્ષકારોના વિધ્વાન ધારાશાસ્ત્રીઓને સાંભળ્યા તથા કેસમાં રજુ થયેલ તમામ રેકર્ડ વંચાણમાં લીધુ. હવે નકકી એ કરવાનું છે કે, **(૧)** બીજા પક્ષકારની આંક–૧૦૪ ની વચગાળાની અરજી મંજુર કરવી જોઈએ કે કેમ ? **(૨)** શો હુકમ કરવો જોઈએ ?

**(૧૦)** ઉપરોકત ઉપસ્થિત થયેલ મુદ્દાઓનો નીચે ચર્ચા કર્યા મુજબ નીચે મુજબનો જવાબ આવે છે.

**(૧)** નકારમાં, **(૨)** આખરી હુકમ મુજબ.

**(૧૧)** આ અંગે સૌ પ્રથમ જોઈએ તો, બીજા પક્ષકાર યુનિયને આંક–૧૦૪ ની દાદમાં મનાઈ હુકમની બાબતો જણાવેલ છે અને મનાઈ હુકમની બાબતે વિચારણા કરવાની હોય ત્યારે ત્રણ મુળભુત બાબતને ધ્યાને લેવાની છે. તેમાં (૧) પ્રાયમાફેસી કેસ, (૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ, અને (૩) ઈરીપેરેબલ લોશ. ઉપરોકત ત્રણેય બાબતો એક સાથે પ્રસ્થાપિત કરવાની છે. તે એક બીજા સાથે કોએકઝીસ્ટ છે. ઉપરોકત ત્રણે બાબતો સંદર્ભમાં નામ.મદ્રાસ હાઈકોર્ટ ૧૯૯૩ (૨) એલએલજે પાના નં.૧ ઉપર ઈઆઈડી પેરી(ઈન્ડિયા) લી. અને બીજાઓ વિરુઘ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, મદ્રાસ અને બીજાઓના કેસમાં ઠરાવેલ છે અને આજ બાબતો આપણી નામ.ગુજરાત હાઈકોર્ટે પણ ૧૯૯૭ (૨) જીએલઆર પાના નં.૧ ૬૬૦ માં રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ વિરુઘ્ધ બી.જે.પટેલના કેસમાં પાના નં. ૧૬૭૩ પેરા–૨૨ માં જે જણાવેલ છે તે જોઈએ તો,

**Pera 22**

It may also be noted at this stage that the parameters for the grant of interlocutory order, though are not prescribed in the Constitution, but are analogous to the provisions of Order 39 Rules 1 & 2 of the Code of Civil Procedure Code 1908. The impugned order suggests only that the respondent-original petitioner has a fair case. Could mere existence of fair case is enough for attracting interlocutory order? The spontaneous answer would be in the negative. It is a settled proposition of law that interim order during the pendency of the main dispute can be granted provided the following ingredients are established to the hilt;

**(1)** Prima facie case ;

**(2)** Balance of convenience ; and

**(3)** Irreparable injury.

Mere existence of one of the factors is not sufficient. Even the impugned order does not remotely say that balance of convenience tilts in favour of the respondent or that refusal of the interlocutory order will result into irreparable harm and damage. All the three principles governing the grant or refusal or the interlocutory injunction or order must co-exist. It is not enough even strong prima facie case is shown. It must be, successfully, shown that there is strong prima facie case and irreparable harm will be caused to the petitioner if the interlocutory order is refused and balance of convenience tilts in favour of the petitioner. It is rightly submitted that the impugned order on its plain perusal does not say that there was any prima facie case or that balance of convenience tilted in favour of the respondent-original petitioner or that irreparable injury will be cause in case of refusal of the interim relief or order.

ઉપરોકત જજમેન્ટો વંચાણે લેતાં અત્રેના કેસમાં પણ બીજા પક્ષકાર યુનિયનનો પ્રાયમાફેસી કેસ છે કે કેમ ? તે ચકાસવો પણ જરુરી છે. બીજા પક્ષકાર યુનિયન તરફે સંબંધીત બે કર્મચારીઓને ૫૮ વર્ષની ઉંમરે વય નિવૃત્તિ કરવાની તા.૨/૧/૧૬ ના રોજ પ્રથમ પક્ષકારે નોટીસ આપેલ છે જે સદર કામમાં આંક–૧૦૪ ની અરજી સાથે રજુ થયેલ છે અને તેથી જયારે હાલમાં બીજા પક્ષકાર યુનિયને આઈ.ડી.એકટની કલમ–૧૦(૪) મુજબ આંક–૧૦૪ ની અરજી રજુ કરેલ હોય તેથી કાયદાની કલમ–૧૦(૪) પણ જોવી જરુરી છે તેથી તે જોઈએ તો,

**<u>10 (4)</u>** Where in an order referring an industrial dispute to [a Labor Court, Tribunal or National Tribunal] under this section or in a subsequent order, the appropriate government has specified the points of dispute for adjudication, [the Labor Court or the Tribunal or the National Tribunal, as the case may be,] shall confine its adjudication to those points and matters incidental thereto.

ઉપરોકત કલમ વંચાણે લેતાં તથા મૂળ રેફરન્સ (આઈટી) નં.૧૧/૨૦૧૨ ના ટર્મ્સ ઓફ રેફરન્સની અનુસૂચિ વંચાણે લેતા તેમાં કર્મચારીઓના પગાર વધારો, મોંઘવારી ભથ્થુ, રજાઓ, મકાન ભાડુ તેમજ અન્ય લાભો બાબતની માંગણીઓ કરવામાં આવેલ છે. પરંતુ તેમાં વય નિવૃત્તી બાબતનો કોઈ ટર્મ્સ ઓફ રેફરન્સ નથી એટલે કે, ઉપસ્થિત કરેલ આંક–૧૦૪ ની અરજી જે વય નિવૃત્તિ બાબતની છે જયારે ટર્મ્સ ઓફ રેફરન્સમાં વય નિવૃત્તિ અંગેની કોઈ બાબત નથી અને તેથી આંક–૧૦૪ ની અરજીમાં ઉપસ્થિત કરેલ

બાબતો તે ટર્મ્સ ઓફ રેફરન્સની આનુસાંગિક બાબતો નથી તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. વળી બીજા પક્ષકાર તરફે એવી રજુઆત છે કે, તેઓએ ડીમાન્ડ નોટીસમાં નિવૃત્તિ વય મર્યાદા અંગે પણ માગણી કરેલ હતી. જે સમાધાન અધિકારીએ ન્યાયનિર્ણય માટે મોકલી નથી અને જણાવે છે કે, "સદર માંગણી ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમ) અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ હોઈ જેથી રીફર કરવામાં આવેલ નથી" તેમ જણાવેલ અને તેથી બીજા પક્ષકારે આ અંગે ચેલેન્જ કરવી જોઈતી હતી જે કરેલ નથી. વળી બીજા પક્ષકાર શ્રમયોગીઓએ રજુ કરેલ ઘી બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ (સ્ટેન્ડીગ ઓર્ડર) રુલ્સ ૧૯૫૯ ની કલમ–૨૭ જોઈએ તો,

27. The age for retirement or superannuation of the workman may be sixty years or such other age as may be agreed upon between the employer and the workman by any agreement, settlement or award, which may be binding on the employer and the workman under any law for the time being in force.

ઉપરોકત કલમ જોતાં પણ જો સમાધાનથી પક્ષકારો વચ્ચે નિવૃત્તિ વય મર્યાદા નકકી થયેલ હોય તો તે લાગુ પડે છે તેમ જણાવેલ છે. સમાધાન જસ્ટ એન્ડ ફેર છે કે કેમ ? તે પુરાવાનો વિષય છે અને તેથી પણ બીજા પક્ષકાર યુનિયનનો પ્રાયમાફેસી કેસ નથી તે સ્પષ્ટ થાય છે.

**(૧૨)** આ કામમાં પ્રથમ પક્ષકારે તેઓના આંક–૧૦૮ ની વચગાળાની અરજીના લેખીત જવાબ સાથે પ્રથમ પક્ષકાર સંસ્થાનું અને સર્વોદય લેબર યુનિયન સાથે સમાધાન થયેલ છે અને તે સમાધાન અન્વયે કર્મચારીની નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષની સુચવેલ છે અને તે અન્વયે સંબંધીત કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદાની નોટીસ તા.૨/૧/૧૬ ના રોજ આપેલાનું જણાવે છે અને તેની સાથે કરવામાં આવેલ સમાધાન રજુ કરેલ છે તેમજ સંબંધીત બંને કર્મચારીઓ સર્વોદય લેબર યુનિયનના કર્મચારીઓ છે અને તે અંગે સર્વોદય લેબર યુનિયનના પ્રમુખશ્રીએ સોગંદનામુ પણ કરેલ છે તેમ જણાવેલ છે, જયારે આ દલીલોને બીજા પક્ષકાર યુનિયન તરફે તેઓના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીએ નકારી કાઢેલ છે. કરવામાં આવેલ સોગંદનામુ બોગસ છે પાછળથી ઉપસ્થિત કરેલ છે તે કાયદાની કલમ–૨(પી) મુજબનુ નથી. નોટરી સમક્ષ કરેલ સમાધાન તે બંધનકર્તા નથી. સમાધાન જસ્ટ અને ફેર નથી. સંબંધીત કર્મચારીઓ આ સમાધાન અંગે કંઈ જાણતા નથી તેઓની કોઈ સહીઓ નથી તેમ જણાવે છે એટલે કે, સંબંધીત કર્મચારીઓએ આ સમાધાનમા સહીઓ કરેલ છે કે કેમ ? આ સમાધાન જસ્ટ એન્ડ ફેર છે કે કેમ ? આ સમાધાન કાયદાની કલમ–૨(પી) મુજબ છે કે કેમ ? વિગેરે બાબતો પુરાવાનો વિષય છે અને પુરાવાઓ લેવાય નહી ત્યાં સુધી આ સમાધાન યોગ્ય વ્યાજબી છે કે કેમ તે નકકી થઈ શકે તેમ નથી. વળી બીજા પક્ષકાર સુરત લેબર યુનિયનના સંબંધીત બંને કર્મચારી છે તેઓ તેમના યુનિયનના સભ્ય છે તેમ જણાવે છે પરંતુ તેઓ સભ્ય છે તે દર્શાવતો કોઈ પુરાવો કેસમાં રજુ થયેલ નથી તે જ રીતે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સદર સંબંધીત

બંને  કર્મચારીઓ સર્વોદય લેબર યુનિયનના સભ્ય છે તે અંગે પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી ફકત સર્વોદય લેબર યુનિયનના પ્રમુખશ્રીનું સોગંદનામુ રજુ થયેલ છે અને તેથી સંબંધીત કર્મચારીઓ પણ કોના સભ્ય છે તે પુરાવાઓ લીધા પછી નકકી થઈ શકે તેમ છે.  વળી મોડલ સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓ મુજબ કર્મચારીઓની ૬૦ વર્ષની નિવૃત્તિની વય મર્યાદાની જોગવાઈઓ થયેલ છે પરંતુ સાથોસાથ કોઈ કરાર કે સમાધાન હોય તો તે મુજબ ગણવાનું પણ જણાવેલ છે. સદર કામમાં પ્રથમ પક્ષકારે આંક–૧૦૯/૧ થી સમાધાન રજુ કરેલ છે અને તેમાં કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા ૫૮ ની દર્શાવેલ છે અને તેથી ઉપસ્થિત થયેલ બાબત વિવાદીત બાબતો છે તેથી આ અંગે પણ પુરાવો લેવો જરુરી છે તે વિના નકકી થઈ શકે તેમ નથી.

**(૧૩)** આ કામમાં બીજા પક્ષકાર યુનિયન તરફે, ૧૯૭૨ (૨૫) એફએલઆર પાન નં.૨૬૧ માં નામ. સુપ્રિમ કોર્ટનો ડન્લોપ (ઈ) લી. અને તેના કામદારોનો તથા ૧૯૬૬ (૧) એલએલજે પાના નં.૪૦૭ નામ. સુપ્રિમ કોર્ટનો બ્રિટીશ પેઈન્ટસ (ઈ) લી અને તેના કામદારોનો તથા ૨૦૦૭ (૨) એલએલએન પાન નં.૮૧૭ નો ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લી. અને ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કર્સ યુનિયન અને બીજાઓનું તથા ૨૦૦૭ એલએલઆર પાના નં.૧૦૨૦ નું નામ. બોમ્બે હાઈકોર્ટનું બોર્ડ ઓફ ટ્રસ્ટી ઓફ જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ વિરુધ્ધ નાવહા સેવા પોર્ટ એન્ડ જનરલ વર્કર્સ યુનિયનનું તથા ૧૯૯૩ (૨) એલએલજે પાના નં.૧ નું નામ. મદ્રાસ હાઈકોર્ટનું ઈઆઈડી પેરી (ઈન્ડિયા) લી. અને બીજાઓ વિરુધ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ મદ્રાસ અને બીજાઓ તથા ૧૯૯૯ (૨) સીએલઆર પાન નં.૫૧૯ નું નામ. બોમ્બે હાઈકોર્ટનું થીએટર એમ્પ્લોયી યુનિયન બોમ્બે વિરુધ્ધ અલંકાર થીએટર અને બીજાઓ તથા ૨૦૧૫ એલએલઆર પાન નં.૭૦૮ નું નામ.બોમ્બે હાઈકોર્ટનું સીરસત લોજના પાર્ટનર શ્રી સુહાશ જયરામ શિર્ષક, ગોવા વિરુધ્ધ મશ્નુ ગાવડેનું તથા ૧૯૭૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ એન્ડ એસ) પાન નં.૬૩ જાગરાખાન કોલીરીઝ પ્રા. લી. વિરુધ્ધ જી.સી.અગ્રવાલ, પ્રિસાઈડીગ ઓફીસર, સીજીઆઈટી કમ લેબર કોર્ટ જબલપુર અને બીજાઓના રજુ કરેલા તમામ ચુકાદાઓ વંચાણમાં લીધા તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અત્રેનું ન્યાયપંચ અબદપૂર્વક સ્વીકારે છે, પરંતુ સદર કામમાં જયારે બીજા પક્ષકાર યુનિયન આઈ.ડી.એકટની કલમ–૧૦(૪) મુજબ અરજી કરતુ હોય ત્યારે પડતર રહેલ મૂળ રેફરન્સમાં જે ટર્મ્સ ઓફ રેફરન્સની અનુસૂચિ છે તેમા નિવૃત્તિ વય મર્યાદા અંગેની કોઈ બાબત ન્યાયનિર્ણય માટે સોંપવામાં આવેલ નથી. બીજા પક્ષકાર યુનિયન તરફે દલીલોમાં ધ્યાન દોરતા જણાવેલ છે કે, તેઓએ આ ડીમાન્ડ નોટીસ આપેલી તેમા આ મુદ્દો હતો પરંતુ પરંતુ શ્રમ આયુકતશ્રીની કચેરીએ સદર વિવાદ સુપરત કરેલ નથી. હવે જયારે નિવૃત્તિ વય મર્યાદા અંગેનો વિવાદ જ અત્રેના ન્યાયપંચ સમક્ષ પડતર ન હોય ત્યારે સ્વાભાવિક રીતે અન્ય જે માગણીઓ પડતર છે તે જોતાં તેની આનુસાંગિક બાબતો ઉપસ્થિત થઈ છે તેમ કહી શકાય નહી, અને તેથી બીજા પક્ષકાર આઈ.ડી.એકટની કલમ–૧૦ (૪) અન્વયે જે અરજી દાખલ કરેલ છે તે પડતર રહેલ વિવાદીત બાબતો

સાથેની આનુસાંગિક બાબતો નથી તે સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે અને તેથી બીજા પક્ષકારનો પ્રાયમાફેસી કેસ નથી તે સ્પષ્ટ થાય છે. એક તબકકે માની લો કે, બીજા પક્ષકારની આનુસાંગિક બાબત પડતર છે તેમ છતાં બીજા પક્ષકાર સંબંધીત બંને કર્મચારીઓ કયા યુનિયનના સભ્ય છે તે પુરાવાઓ લીધા વિના સ્પષ્ટ થાય તેમ નથી એટલે કે વિવાદીત બાબતો છે તે જ રીતે કરવામાં આવેલ સમાધાન પણ વિવાદીત બાબત છે અને તેથી જયારે બીજા પક્ષકારનો પ્રાયમાફેસી કેસ ન હોવાથી તેમાં આ તબકકે બીજા પક્ષકારને માંગ્યા મુજબની દાદ ન સંતોષવામાં આવે અને કેસ ગુણદોષ ઉપર ચલાવે અને જો સફળ થાય તો સ્વાભાવિક રીતે તેઓને નાણાંકીય રીતે બદલો મળી શકે તેમ છે અને તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ બીજા પક્ષકાર તરફે નહી પરંતુ પ્રથમ પક્ષકાર તરફે છે અને ઈરીપેરેબલ લોશ પણ આ તબકકે બીજા પક્ષકાર તરફે નહી પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે છે કારણ કે, નિવૃત્તિ વય મર્યાદા મુજબ છુટા કરવામાં આવે તો સ્વાભાવિક રીતે તેઓની જગ્યાએ અન્ય સીનીયર કર્મચારી આવી શકે તેમજ સંસ્થાને વહીવટી રીતે મુશ્કેલી ઉભી ન થાય તે પણ જોવું જરુરી છે. વળી રેફરન્સ ગુણદોષ ઉપર ચાલીને જો સંબંધીત કર્મચારી તેઓનો કેસ પુરવાર કરે તો તેઓને નાણાકીય રીતે બદલો મળી શકે તેમ છે અને તેથી પણ હાલની વચગાળાની અરજી મંજુર કરી શકાય તેમ નથી.

**(૧૪)** ઉપરોકત તમામ હકીકતો અને પુરાવાઓ જોતાં ઉપસ્થિત કરેલ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી બીજા પક્ષકારની આંક–૧૦૪ ની વચગાળાની અરજી ટકી શકે તેમ નથી અને તેથી રદ્દ થવાને પાત્ર હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** બીજા પક્ષકારની આંક–૧૦૪ ની વચગાળાની અરજી રદ્દ કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૩)** આ કેસની વધુ સુનાવણી તા.૨૮/૩/૧૬ ના રોજની રાખવામાં આવે છે.

તારીખ : ૨૮/૦૧/૨૦૧૬.
સુરત.

(મહેન્દ્રકુમાર પુંજાલાલ ચાવડા)
ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત.
U.I.Code No. GJ00800